નશીલા પદાર્થોના બેરોકટોક વેચાણ સામે ડભોઇ પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી

ડભોઈ પોલીસનો સપાટો : પાનના ગલ્લાનીમાં નશાનો વેપાર પકડાયો

પ્રતિબંધિત ગોગો રોલિંગ પેપર, ઈ-સિગારેટ અને હુક્કાના સાધનો સહિત ૩.15 હજારનો મુદ્દામાલ જપ્ત

(પ્રતિનિધિ) ડભોઇ, તા.18

ડભોઈ શહેરમાં પાનના ગલ્લાની આડમાં નશીલા પદાર્થોના બેરોકટોક વેચાણ સામે ડભોઈ પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. પ્રતિબંધિત ગોગો રોલિંગ પેપર, ઈલેક્ટ્રોનિક સિગારેટ, હુક્કો પીવાના સાધનો

સહિત રૂ.15,000નો મુદ્દામાલ જપ્ત કરી બે વેપારીઓ સામે ગુનો નોંધી નોટિસ ફટકારી કાર્યવાહી કરવામાં આવતા નશાનો વેપાર કરતા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

ડભોઈના વડોદરી ભાગોળથી સરિતા ફાટક, બજાર સમિતિથી શિનોર ચોકડી તથા થરવાસા ચોકડી સુધીના વિસ્તારોમાં વિદેશી દારૂ, નશાકારક સીરપ, પ્રતિબંધિત ડ્રગ્સ, ગોગો રોલિંગ પેપર, હુક્કા અને ઈલેક્ટ્રોનિક સિગારેટ જેવા નશીલા પદાર્થોનું ખુલ્લેઆમ વેચાણ થતું હોવાની માહિતી પોલીસને મળી હતી.

આ બાતમી અને ઉપરથી મળેલા આદેશના આધારે ડભોઇ પોલીસે અન્ય કામગીરી બાજુ પર રાખી શહેરના તમામ પાનના ગલ્લાઓ પર સઘન તપાસ હાથ ધરી હતી.

પોલીસ તપાસ દરમિયાન એસ.ટી. ડેપો રોડ પર આવેલ છોટુ પાન પાર્લર પરથી લતીફ ફકિરમોહમદ મનસુરીના ગલ્લેથી પ્રતિબંધિત ગોગો રોલિંગ પેપર મળી આવ્યા હતા. જ્યારે કૃષ્ણા ટોકીઝ સામે આવેલા ઉજ્જવલ કૃષ્ણકાંત શાહના પાનના ગલ્લેથી ઈ-સિગારેટ, હુક્કો તથા હુક્કાના સાધનો મળી આવ્યા હતા.

આ મામલે ડભોઇ પોલીસે બંને વેપારીઓ સામે ગુનો નોંધી નોટિસ ફટકારી આગળની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસની આ કાર્યવાહીને પગલે શહેરમાં નશીલા પદાર્થો વેચનારા તત્વોમાં ચકચાર અને ભયનો માહોલ સર્જાયો છે.

જાહેરનામાનો ભંગ કરતા પાન કોર્નર સંચાલકો સામે પોલીસની કાર્યવાહી

પાદરા પોલીસે ગોગો સ્મોકિંગ કોન અને રોલિંગ પેપર ઝડપ્યા

પોલીસે 3 પણ કોર્નર ની દુકાનમાંથી કુલ રૂ.5690/- નો પ્રતિબંધિત મુદ્દામાલ ઝડપી પડ્યો

(પ્રતિનિધિ) પાદરા, તા.18

રાજ્ય સરકારના હુકમ મુજબ જાહેરનામાનો ભંગ કરતા પાન કોર્નર સંચાલકો સામે પાદરા પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. પાદરા શહેરની અલગ-અલગ જગ્યાઓએ રેડ પાડી પોલીસે કુલ ત્રણ પાન કોર્નર સંચાલકોને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

પોલીસે પાદરા એસ.ટી. ડેપો પાસે આવેલ અક્ષર પ્લાઝા કોમ્પ્લેક્ષમાંથી શ્રીજી પાન કોર્નર (સંચાલકઃ જયેશ ચીમનભાઈ પટેલ) પાસેથી સ્મોકિંગ કોન 125 નંગ તથા રોલિંગ પેપર 32 નંગ, કુલ કિંમત રૂ. 1570/- નો જથ્થો જપ્ત કર્યો હતો.

તે જ રીતે, પાદરા જુના ડેપો રોડ પર આવેલ ગાયત્રી પાન કોર્નર (સંચાલકઃ ભરત હસમુખભાઈ પટેલ) પાસેથી ગોગો સ્ટીક 36 નંગ તથા રીઝલા પેપર 75 નંગ, કુલ કિંમત રૂ. 1690/- નો માલ ઝડપી પાડવામાં આવ્યો હતો.

આ ઉપરાંત પાદરા સીટી સેન્ટર કોમ્પ્લેક્ષમાં આવેલ ગાયત્રી પાન કોર્નર (સંચાલકઃ રીન્કલ હસમુખભાઈ પટેલ) ની દુકાનમાંથી ગોગો સ્ટીક 98 નંગ અને રીઝલા પેપર 96 નંગ, કુલ કિંમત રૂ. 2430/- નો પ્રતિબંધિત સામાન જપ્ત કરવામાં આવ્યો હતો.

પાદરા પોલીસની આ કાર્યવાહીથી અન્ય પાનના ગલ્લા ધરાવતા ઈસમો તેમજ ગોગો સ્ટીકનું સેવન કરનારાઓમાં ફફડાટ ફેલાઈ ગયો છે. પોલીસે સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે જાહેરનામાનો ભંગ કરનાર સામે આગળ પણ કડક કાર્યવાહી ચાલુ રહેશે.

છોટાઉદેપુરમાં વીજચોરી સામે વીજ કંપનીની કાર્યવાહી, ₹47.68 લાખનો દંડ

વિજિલન્સની 51 ટીમોના દરોડા, 74 વીજ ચોરી ઝડપાઈ - રૂ.47.68 લાખનો દંડ ફટકારાયો

(પ્રતિનિધિ) , છોટાઉદેપુર

છોટાઉદેપુર નગરમાં આજે વહેલી સવારથી એમજીવીસીએલ (MGVCL) દ્વારા વિશાળ પાયે વીજ ચોરી સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. વિજિલન્સની 51 ટીમો, 111 એમજીવીસીએલ કર્મચારીઓ અને 54 પોલીસ જવાનો સાથે સમગ્ર નગરમાં સઘન ચેકિંગ અભિયાન ચલાવવામાં આવ્યું હતું, જેના પગલે વીજ ચોરોમાં ભારે ભય ફેલાઈ ગયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર, નગરના સ્ટેશન વિસ્તાર, કસ્બા, પારસીગલી, પથીકભુવન, વસેડી, સાબુની ચાલ, અજા પાર્ક, મહુડી ફળિયા, નજરબાગ, પાંજરાપોળ, ઝંડા ફળિયા, ગ્લાસ ફેક્ટરી વિસ્તાર, કવાંટ રોડ, નિઝામી સોસાયટી, નટવરપુરા, વોરા કોલોની સહિતના અનેક વિસ્તારોમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

આ અભિયાન દરમિયાન કુલ 1762 જેટલા વીજ મીટરોની તપાસ કરવામાં આવી હતી, જેમાંથી 74 મીટરોમાં વીજ ચોરી ઝડપાઈ હતી. ઝડપાયેલી વીજ ચોરી બદલ એમજીવીસીએલ દ્વારા કુલ રૂ.47 લાખ 68 હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે, આ સમગ્ર કામગીરીમાં 51 ડેપ્યુટી એન્જિનિયરો સહિત મોટી સંખ્યામાં અધિકારીઓ અને કર્મચારીઓ જોડાયા હતા. એમજીવીસીએલના ડેપ્યુટી એન્જિનિયર રચના મિસ્ત્રીએ જણાવ્યું હતું કે, છોટાઉદેપુર નગરમાં આગામી દિવસોમાં પણ આકસ્મિક રીતે વીજ ચેકિંગ હાથ ધરવામાં આવશે અને વીજ ચોરી કરતા કનેક્શનો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. છોટાઉદેપુર નગર તેમજ આસપાસના વિસ્તારોમાં અગાઉ પણ વિજિલન્સની ટીમો દ્વારા મોટા પાયે તપાસ હાથ ધરવામાં આવી છે, જેમાં અનેક કનેક્શનો વીજ ચોરીમાં ઝડપાયા હતા અને તેમને ભારે દંડ ફટકારવામાં આવ્યો હતો. લોકમુખે ચર્ચા છે કે જો નગર ઉપરાંત ગ્રામ્ય વિસ્તારોમાં પણ સઘન તપાસ કરવામાં આવે તો ગેરકાયદેસર પોલ-પટ્ટી સહિતની અનેક અનિયમિતતાઓ બહાર આવી શકે છે.

સૂત્રો મુજબ, આવનારા દિવસોમાં છોટાઉદેપુર નગર તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં ફરી એકવાર એમજીવીસીએલ દ્વારા સઘન ચેકિંગ અભિયાન હાથ ધરવાની તૈયારી કરવામાં આવી રહી છે.

પાદરાથી દ્વારકા પગપાળા સંઘનું પ્રસ્થાન થયું

(પ્રતિનિધિ) પાદરા, તા.18

પાદરા શહેરમાંથી બુધવારના રોજ પગપાળા સંઘનું પ્રસ્થાન થયું હતું. જો કે, તે પૂર્વે પાદરાના નવાપુરા સ્થિત એકલસુરિજી માતાજીના મંદિરે ધજા પૂજન તથા અર્ચના કરવામાં આવી હતી. આ ધાર્મિક વિધિ દરમિયાન પાદરા સંતરામ મંદિરના મહંત મોહનદાસજી મહારાજ તેમજ પાલિકાના સદસ્ય સંતોષભાઈ પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમના હસ્તે સંઘ તથા રથને વિધિવત રીતે પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. બાદમાં પાદરા શહેરના મુખ્ય રાજમાર્ગો પર વાજતે-ગાજતે ભવ્ય શોભાયાત્રા નીકળી હતી, જેમાં પગપાળા સંઘના યાત્રિકોએ ભક્તિરસમાં લીન થઈ ભાગ લીધો હતો. સતત 52મા વર્ષે આયોજિત આ પગપાળા જુના સંઘમાં 67થી વધુ યાત્રિકો જોડાયાં હતાં.

બોડેલીમાં નવી ડીપી સ્થાપન દરમિયાન વોલ્ટેજ વધી ગયા

બોડેલીના ઝાંપા ગામમાં વોલ્ટેજ વધતા વીજ ઉપકરણને નુકશાન

4થી 5 લાખ રૂપિયાનું નુકસાનની શક્યતા, વળતરની ઉગ્ર માંગ

(પ્રતિનિધિ) બોડેલી, તા.18

બોડેલી તાલુકાના ઝાંપા ગામે MGVCL દ્વારા નવી ડિસ્ટ્રિબ્યુશન પોઈન્ટ (ડીપી) સ્થાપન દરમિયાન અચાનક વોલ્ટેજ વધતા મોટી દુર્ઘટના સર્જાઈ હતી. તારીખ 16ના રોજ સાંજે આશરે 7 વાગ્યાના સમયે નવી ડીપીમાંથી વીજ પુરવઠો શરૂ કરવામાં આવતા જ અચાનક ભારે વોલ્ટેજ વધ્યું હતું, જેના કારણે ગામના અનેક ઘરોમાં લાગેલા ઈલેક્ટ્રોનિક સાધનો બળી ગયા હતા.

આ અચાનક વોલ્ટેજ વધારાના કારણે ગ્રામજનોના ઘરોમાં આવેલા ટીવી, ફ્રિજ, પંખા, મોબાઈલ ચાર્જર સહિતના અનેક ઈલેક્ટ્રિક ઉપકરણો નુકસાન પામ્યા હતા. ઘટનામાં ગામના અનેક મકાનોના સાધનો બળ્યા હોવાનું જાણવા મળ્યું છે. પ્રાથમિક અંદાજ મુજબ ગ્રામજનોને અંદાજિત 4થી 5 લાખ રૂપિયાનું નુકસાન થયું હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

ગ્રામજનોનો આક્ષેપ છે કે MGVCLની ગંભીર બેદરકારીને કારણે આ અકસ્માત સર્જાયો છે. ડીપીમાં વાયરિંગ યોગ્ય રીતે કરવામાં આવ્યું ન હતું, જેના કારણે અચાનક વોલ્ટેજ વધ્યું અને ઘરગથ્થુ સાધનો બળી ગયા. ઘટનાને પગલે ગામમાં ભારે રોષનો માહોલ જોવા મળ્યો હતો. આ ઘટનાથી પીડિત બનેલા ગ્રામજનોએ વીજ વિભાગ સમક્ષ ઉગ્ર માંગણી કરી છે કે સમગ્ર ઘટનાની તાત્કાલિક અને નિષ્પક્ષ તપાસ કરવામાં આવે, જવાબદાર અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેમજ નુકસાન પામેલા પરિવારોને યોગ્ય વળતર ચૂકવવામાં આવે, જેથી તેમને ન્યાય મળી શકે. હાલમાં વોલ્ટેજ વધવાની ઘટનાના કારણે ઈલેક્ટ્રિક સાધનોને ભારે નુકસાન થતાં ગ્રામજનો ભારે મુશ્કેલીમાં મુકાઈ ગયા છે.

વાઘોડીયાની વેદ સંસ્કૃત શાળાના બે છાત્રોએ રાજ્યસ્તરે 34 મી શાસ્ત્રીય સ્પર્ધામાં ક્રમાંક મેળવ્યો

ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ ગુજરાત શિક્ષણ મંડળ અમદાવાદ અને અંબાજી સંસ્કૃત મહાવિદ્યાલય ના સંયુક્ત ઉપક્રમે યોજાયેલી 34મી ગુજરાત રાજ્ય સ્તરીય શાસ્ત્રીય સ્પર્ધામાં 700 થી વધારે ઋષિ કુમારોએ ભાગ લીધો હતો. જેમાં વાઘોડિયા શ્રી સ્વામી ગોવિંદ દેવગીરી વેદ સંસ્કૃત મહાવિદ્યાલયના બે છાત્રો મનરાજ વ્યાસ અને પ્રિયાંશુ શર્મા એ વેદકંઠ પાઠ સ્પર્ધામાં ક્રમાંક પ્રાપ્ત કરવા કરવા બદલ સંસ્થાના ટ્રસ્ટીઓ વ્યવસ્થાપકશ્રી ઓ અને મહાવિદ્યાલયના પ્રધાનાચાર્ય ડો. બાલકૃષ્ણ દવેએ શુભેચ્છા પાઠવી હતી.

ભાગલા બાદ સરકાર દ્વારા ફાળવાયેલી દુકાનો પર બુલડોઝર ફરી વળતા રોષ

વિસ્થાપિત સિંધી પરિવારોની 75 વર્ષ જૂની કેબીનો તોડી પાડતાં રોજગાર છીનવાયો

વૈકલ્પિક વ્યવસ્થા વિના કાર્યવાહી, પરિવારોએ ન્યાયની માંગ ઉઠાવી

(પ્રતિનિધિ) બોડેલી, તા.18

1947ની આઝાદી અને ભારત-પાકિસ્તાનના ભાગલા બાદ પાકિસ્તાનમાંથી વિસ્થાપિત થઈ ભારત આવેલા સિંધી પરિવારો માટે બોડેલી ખાતે ઉભી કરાયેલી રોજગારની એકમાત્ર વ્યવસ્થા હવે તૂટી પડી છે. બોડેલીના મુખ્ય બજારમાં આવેલી 75 વર્ષથી વધુ જૂની કેબીનો બોડેલી નગરપાલિકા દ્વારા તોડી પાડવામાં આવતા અનેક સિંધી

પરિવારો રોજગારવિહોણા બની ગયા છે.

સિંધી પરિવારોને જે તે સમયની સરકાર દ્વારા બોડેલીના બજારમાં વેપાર માટે છ કેબીનો ફાળવવામાં આવી હતી. આ કેબીનોમાં છેલ્લા અનેક દાયકાઓથી આ પરિવારો નાના વેપાર કરીને પોતાનું અને પરિવારનું ગુજરાન ચલાવતા આવ્યા હતા. પરંતુ હવે આ ઐતિહાસિક કેબીનો પર બુલડોઝર ફરી વળતાં તેમની વર્ષોથી ચાલી આવતી today livelihood એક ઝાટકે છીનવાઈ ગઈ છે. પીડિત પરિવારોનો આક્ષેપ છે કે તેમને તે સમયની સરકાર દ્વારા લેખિત ખાતરી આપવામાં આવી હતી કે ભવિષ્યમાં બોડેલી નગરપાલિકા બનશે અથવા માર્ગ વિકાસ કે અન્ય હેતુસર જો કેબીનો હટાવવાની જરૂર પડશે તો યોગ્ય વૈકલ્પિક વ્યવસ્થા કરી આપવામાં આવશે. તેમ છતાં નગરપાલિકાએ તેમની રજૂઆત સાંભળ્યા વિના અને કોઈપણ પ્રકારની વૈકલ્પિક વ્યવસ્થા કર્યા વિના જ કેબીનો તોડી પાડતાં ભારે અન્યાય થયો હોવાનું પરિવારોએ જણાવ્યું છે.

કેબીનો તોડી પાડવાની કાર્યવાહી બાદ તમામ પીડિત પરિવારો સામે ગુજરાનનો ગંભીર પ્રશ્ન ઊભો થયો છે. વર્ષોથી વેપાર પર આધારિત આ પરિવારો અચાનક સંપૂર્ણ રીતે રોજગારવિહોણા બની ગયા છે, જેના કારણે તેમના પરિવારજનોમાં ચિંતાનું માહોલ છવાઈ ગયો છે. પરિવારો હવે સરકાર અને નગરપાલિકા સમક્ષ માંગ કરી રહ્યા છે કે અગાઉ આપવામાં આવેલી ખાતરી મુજબ તેમને તાત્કાલિક યોગ્ય વૈકલ્પિક વ્યવસ્થા પૂરી પાડવામાં આવે, જેથી તેઓ ફરીથી પોતાનો વેપાર શરૂ કરી ગુજરાન ચલાવી શકે અને વર્ષોથી ચાલતા અન્યાયનો અંત આવી શકે.

ડભોઈમાં તસ્કરોના ધામા 8 લાખના દાગીના ચોરાયાં

(પ્રતિનિધિ) ડભોઈ, તા.18

ડભોઇના મહુડી ભાગોળ બહાર આવેલી વસઈવાલા જીન વિસ્તારમાં બંધ મકાનનું તાળું તોડી અજાણ્યા તસ્કરો સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમની ચોરી કરીને ફરાર થઈ ગયા હતા.

વસઈવાલા જીનમાં રહેતા શબ્બીરહુસેન ફકીરમહમદ તાઈ ચાર દિવસ અગાઉ પરિવાર સાથે અજમેર દરગાહ ખાતે દર્શન અર્થે ગયા હતા. આ દરમિયાન અજાણ્યા ચોરટાઓએ તેમના બંધ મકાનના નકૂચા તથા લોખંડની જાળી તોડી અંદર પ્રવેશ કર્યો હતો. મકાનમાં રાખેલી બે તિજોરી તોડી તેમાં રહેલા સોનાના દાગીના, ચાંદીના સામાન તેમજ રૂ. 35,000 રોકડ મળી કુલ અંદાજિત રૂ. 8 લાખના મુદ્દામાલની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા.

પરિવાર સવારના સમયે પરત ફરતાં મકાનની લોખંડની જાળી ખુલ્લી અને અંદર સામાન વેરવિખેર હાલતમાં જોવા મળતાં ફાળ પડી હતી. ઘરમાં પ્રવેશ કરતા જ ચોરીનો બનાવ સામે આવતા પરિવાર ચિંતાતુર બન્યો હતો, જ્યારે મહિલાઓમાં રોધકણ મચી જવા પામી હતી. આ ઘટનાની જાણ ડભોઇ પોલીસને કરવામાં આવતા પોલીસનો કાફલો સ્થળ પર પહોંચ્યો હતો. પોલીસે સ્થળ તપાસ કરી ફરિયાદ નોંધીને ઘરફોડ ચોરીના ગંભીર ગુનામાં તપાસ શરૂ કરી છે.

ડભોઈમાં એક જ રાત્રિ દરમિયાન સાત જુદી જુદી જગ્યાએ ઘરફોડ અને વાહન ચોરીના બનાવ બન્યા હતા. તેના બીજા જ દિવસે ફરી ચોરીની ઘટના સામે આવતાં નગરજનોમાં ફફડાટની લાગણી ફેલાઇ છે.

ડભોઈમાં હાઈવા ટ્રકે વીજ પોલ ખેંચી કાઢતાં વીજ પુરવઠો ખોરવાયો

વીજ લાઇન તૂટી જતા તણખા ઝરતા અફડા તફડી મચી

(પ્રતિનિધિ) ડભોઈ, તા.18

ડભોઇ શહેરના વકીલ બંગલા નજીક આજે ડામર રોડના કામ માટે કપચી ભરેલી હાઈવા ટ્રકના કારણે ગંભીર ઘટના સર્જાઈ હતી. હાઈવા ટ્રક દ્વારા વીજ વાયરો સાથે વીજ પોલ ખેંચાઈ જતા પોલ મૂળમાંથી જ ઉખડી પડ્યો હતો, જેના કારણે વિસ્તારમાં અચાનક અફરાતફરી મચી ગઈ હતી.

ડભોઇના વકીલ બંગલાથી સરકારી દવાખાના તરફ જઈ રહેલી હાઈવા ટ્રક ડામર માર્ગ બનાવવા માટે કપચી લઈ જઈ રહી હતી. આ દરમિયાન ટ્રકના

ઉપરના ભાગે વીજ કેબલો ફસાતા જીવંત વીજ લાઇન સાથેનો વીજ પોલ ખેંચાઈ ગયો હતો. પોલ જમીનમાંથી ઉખડી પડતા ભારે સ્પાર્કિંગ થયું હતું અને આગના તણખા ઉડતા લોકોમાં ભય ફેલાયો હતો. ઘટનાસ્થળે હાજર લોકોએ જીવ બચાવવા દોડધામ મચાવી દીધી હતી.

સદનસીબે, હાઈવા ટ્રકના ચાલકનો કોઈ જાનહાનિ વગર બચાવ થયો હતો. ઘટનાની જાણ થતાં તાત્કાલિક એમ.જી.વી.સી. એલ.ને જાણ કરવામાં આવી હતી, જેના પગલે વીજ પુરવઠો બંધ કરવામાં આવ્યો હતો. બાદમાં જે.સી.બી. મશીનની મદદથી વીજ પોલને ઊંચો કરી હાઈવા ટ્રકને આગળ ખસેડવામાં આવી હતી. જોકે, કલાકોની મહેનત બાદ વીજ કર્મચારીઓ દ્વારા મરામત કાર્ય પૂર્ણ કરી વિસ્તારમાં ફરીથી વીજ પુરવઠો ચાલુ કરવામાં આવ્યો હતો. આ અંગે મળતી માહિતી મુજબ, વીજ કંપની દ્વારા હાઈવા ટ્રકના માલિક પાસેથી થયેલ નુકસાનની વસૂલાત માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ડભોઇમાં આડેધડ દોડતા વાહનો સામે કાર્યવાહી કરવા માંગ ઉઠી છે.

ડભોઈની નવી વોર્ડ રચના થતાં રાજકીય ઉથલ પાથલ : નેતાઓ સમીકરણો ગોઠવવા કામે લાગ્યા

(પ્રતિનિધિ) ડભોઇ, તા.18

ડભોઈ નગરપાલિકાની નવી વોર્ડ રચના જાહેર થતા જ સ્થાનિક રાજકારણમાં અચોક્કસતા અને ગૂંચવાડાની સ્થિતિ ઊભી થઈ છે. વોર્ડની સીમાઓ, નંબર અને અનામત શ્રેણીમાં થયેલા ફેરફારોએ અત્યાર સુધી સ્થિર ગણાતી રાજકીય ગણતરીઓને હલાવી દીધી છે. પરિણામે અનેક રાજકીય મુરતિયા અને વર્તમાન નગરસેવકો નવા રાજકીય વાસ્તવિકતા સમજી રહ્યા છે.

નવી રચનામાં કેટલાક વોર્ડની ભૌગોલિક સીમાઓ બદલી દેવામાં આવી છે તો કેટલાક વોર્ડના નંબર પણ બદલાયા છે. અગાઉનો વોર્ડ નં. 3 હવે 5 બન્યો છે, જ્યારે વોર્ડ નં. 5ને

3માં ફેરવવામાં આવ્યો છે. તે ઉપરાંત વોર્ડ નં. 6ને વોર્ડ નં. 8માં સમાવાતા સ્થાનિક નેતાઓ માટે પોતાનું મતબેંક સમજવી મુશ્કેલ બની છે.

વેગા કજાપુરને વોર્ડ નં. 2માં અને તરસાણા-ટિંબી વિસ્તારને વોર્ડ નં. 3માં સામેલ કરવામાં આવતાં જૂની ઓળખ અને વિકાસ આધારિત રાજકીય દાવાઓ નબળા પડ્યા છે.

કુલ 9 વોર્ડ અને 36 બેઠકો ધરાવતી ડભોઈ નગરપાલિકામાં અડધા જેટલી એટલે કે 18 બેઠકો સ્ત્રી અનામત રહેશે. આ અનામત વિતરણ મુજબ 9 સામાન્ય, 5 ઓબીસી, 3 અનુસૂચિત આદિજાતિ અને 1 અનુસૂચિત જાતિ સ્ત્રી બેઠકનો સમાવેશ થાય છે. પુરુષ બેઠકોમાં પણ સમાન રીતે 18 બેઠકો ફાળવવામાં આવી છે, જેનાથી ઘણા વર્તમાન પુરુષ નગરસેવકો માટે રાજકીય ભવિષ્ય અનિશ્ચિત બન્યું છે.

વિશ્લેષકોનું માનવું છે કે નવી વોર્ડ રચનામાં લાંબા સમયથી એક જ જૂથ અથવા વ્યક્તિની પકડ ધરાવતા 'મોનોપોલી' વોર્ડને ખાસ કરીને ટાર્ગેટ કરવામાં આવ્યા છે. જેના કારણે અત્યાર સુધી સલામત ગણાતી બેઠકો હવે જોખમી બની ગઈ છે. ઘણા સંભવિત ઉમેદવારોને પોતાનો વોર્ડ બદલવાની ફરજ પડશે એવી શક્યતા દેખાઈ રહી છે.

ડભોઈના કુલ 54,895 મતદારોને વોર્ડ મુજબ વહેંચવામાં આવ્યા છે. જેમાં વોર્ડ નં. 8માં સૌથી વધુ 6,646 મતદારો છે જ્યારે વોર્ડ નં. 7માં માત્ર 5,489 મતદારો હોવા અંગે અસમાનતાની ચર્ચા ચાલી રહી છે. આ મતદારોના તફાવતને લઈ આવનાર સમયમાં વાંધાઓ ઉઠે તેવી શક્યતા નકારી શકાતી નથી.

નવી વોર્ડ રચના એટલી જટિલ બની છે કે ઘણા રાજકીય મુરતિયા અને નવા ઉમેદવારો હવે વોર્ડની સમજ મેળવવા માટે અનુભવી રાજકીય ગોડફાધરોના માર્ગદર્શન પર નિર્ભર બન્યા છે. આ સ્થિતિ દર્શાવે છે કે આવનાર નગરપાલિકા ચૂંટણીમાં માત્ર લોકપ્રિયતા નહીં, પરંતુ વ્યૂહરચના અને સંગઠન શક્તિ મહત્વની ભૂમિકા ભજવશે.

સારાંશરૂપે, ડભોઈની નવી વોર્ડ રચનાએ રાજકીય ગણિત ફરીથી ગોઠવી દીધું છે. ઘણા જૂના સમીકરણો તૂટ્યા છે અને નવા ચહેરાઓ માટે તક ઊભી થઈ છે. આવનારી નગરપાલિકા ચૂંટણીમાં મોટા ફેરફારો અને નવાજુની જોવા મળશે તેવું હાલના રાજકીય સંકેતો સ્પષ્ટ કરે છે.